
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કન્યા**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ધૂળેટીનો તહેવાર છે. ● મીનનો બુધ નીચ રાશીનો છે ● મીનારક કમૂરતા તથા ચાંડાલ યોગ ચાલે છે ● ગુરૂ સૂર્યનો પરિવર્તન યોગ છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે સૂર્ય - આઠમે મંગળ - બારમે નીચનો બુધ - વિગેરે યોગો સ્પષ્ટપણે તમોને વાગવાથી, દાઝવાથી ઈજા થવાના એંધાણ આપે છે. શક્ય હોય તેટલું દાઝવાથી સાચવવું.

**વૃષભ** તમારી રાશીથી કેન્દ્રમાં ત્રણે સ્થાનોમાં પાપ ગ્રહો આવેલ છે. પરંતુ અગિયારમે સૂર્ય બુધ આવેલ છે તેથી આજનો દિવસ તમારો શ્રમફળ વાળો જાય. ધ્યાન રાખવું.

**મિથુન** કૌટુંબિક પરિસ્થિતિમાં સમ-વિષમતા આવે તેવા યોગય છે. તમારું ધાર્યું ન થાય. બધા જ પાસાઓનો વિચાર કરીને સંયમ રાખીને બુદ્ધિથી પ્રશ્નોનો ઉકેલ લાવશો.

**કર્ક** અત્યાર સુધી ક્યારેય ન ખર્ચેલ હોય તેવા નાણાં તમારે લાગણીઓથી દોરાઈને ખર્ચ કરવાના યોગોય આવેલ છે. સંયમ રાખીને બુદ્ધિથી કામ કરશો તો સારું.

**સિંહ** આપની કુંડળીમાં કેન્દ્રમાં પાપગ્રહો છે તેમજ અન્ય સ્થાનોમાં શુભ ગ્રહો છે જેથી તમારો આજનો આખો દિવસ શ્રમકામ વાળો જશે. સાવધ રહેશો.

**કન્યા** આજે કૌટુંબિક વિસંવાદિતા થવાના યોગો વાળી આપની કુંડળી છે. વારંવાર જીદ્દીપણુ તમારામાં તરી આવશે. ધ્યાન રાખીને ચાલશો.

**તુલા** કૌટુંબિક વ્યક્તિઓ સાથે તમારે દલીલોમાં ઉતરવું પડે માટે તમારે તમારું જીદ્દીપણું છોડીને આગળ વધવું પડશે તો જ ફાવશો.

**વૃશ્ચિક** રાશિપતિ મંગળ - શનિ સાથે યુતિમાં રાશિમાં છે તેથી ઝઘડા થવા સંભવ છે. માટે મિત્રો અને પત્ની સાથે વાદવિવાદમાં ઉતરવું નહીં.

**ધન** ચોથી નીચનો બુધ અને બારમે સામૃદી મંગળ આપને શારીરિક ઝઘડામાં ન ઉતારે તેનું ધ્યાન રાખવું. નહીં તો આપને બંધન યોગને કારણે હેરાન થવું પડે.

**મકર** આઠમે રાહુ બંધન યોગ - પડવા, વાગવા, દાઝવાનો યોગ કરે છે. પરંતુ સાથે ગુરૂનો ચાંડાલ યોગ હોઈ ૧૧/૮/૧૬ સુધી વારંવાર નાની મોટી પીડા ભોગવવી પડે.

**કુંભ** લગ્ને શુક્ર- રાશિમાં આવેલ હોઈ તમારા વિચારોમાં વિલાસીપણું આવી જાય ને તમો અન્ય વિજાતિય સંબંધો તરફ આકર્ષાઓ. સંયમ રાખીને ભક્તિ-પૂજા કરવી.

**મીન** નબળો સ્વગૃહિ મંગળ - શનિની યુતી તમારા પગમાં કળતર ઉભી કરાવે. વારંવાર પગને શરીર દુઃખે માટે તંદુરસ્તીની કાળજી રાખશો. ખાવા-પીવામાં ધ્યાન રાખશો.

# સાત વર્ષ પહેલા પાટનગરમાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો

**અત્યારે જ્યાં મહાત્મા મંદિરનું નિર્માણ થયું છે તે સ્થળે છરીના ઘા ઝીંકી હત્યા થઈ હતી : અમદાવાદથી ત્રણ મિત્રો ચા પીવા આવ્યા હતા ત્યારે હત્યા થઈ હતી : ચોરીના કારનામા પોલીસને કહી દેવાની ધમકીને પગલે હત્યા થઈ હોવાનુ ખુલ્યુ**

ગાંધીનગર, તા. ૨૩

પાટનગરમાં હાલ જ્યાં મહાત્મા મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે તે વિસ્તારમાં આજથી સાત વર્ષ પહેલા છરીના ઘા ઝીંકીને હત્યા કરી દેવાયેલી હાલતમાં એક અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો હતો. હજુ સુધી તેની ઓળખ પણ થઈ શકી ન હતી. આ રહસ્યમય હત્યા પ્રકરણ પરથી પોલીસે રહસ્યનો પડદો હટાવી દીધો છે. સાત વર્ષ પહેલા થયેલી આ હત્યાનો ભેદ ઉકેલાઈ જવા પામ્યો છે. ચોરીના કારનામા પોલીસને કહી દેવાની ધમકી આપતા મિત્રએ ગાંધીનગર ચા-પાણીના બહાને લાવીને મિત્રની જ હત્યા કરી નાંખી હોવાનું ખુલ્યુ છે. સેક્ટર-૭ પોલીસે તેની ધરપકડ કરીને ઝીણવટભરી તપાસ આરંભી છે.

### હત્યાના સાત વર્ષે મૃતકની ઓળખ થઈ..!

વર્ષ-૨૦૦૯માં આ હત્યા થઈ હતી. સાત વર્ષ થવા આયા ત્યારે હવે હત્યારાઓ પકડાયા બાદ જેની હત્યા થઈ હતી તે યુવાનની ઓળખ થવા પામી છે. રેરેસ્ટ ઓફ રેર ડીટેકશનમાંનું એક આ ડીટેક્શન ગણી શકાય..!

મળતી માહિતી મુજબ ૧૫ ઓક્ટોબર-૨૦૦૯ના રોજ શહેરના ગ-૩ થી ગ-૪ જવાના માર્ગ પરથી છરીના ઘા ઝીંકી હત્યા કરીને ફેંકી દેવાયેલી હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. તે વખતે પી.આઈ. ડી.ડી. ચૌધરીએ ગુનાની તપાસ આરંભી હતી. પરંતુ હજુ સુધી મરણ જનાર વ્યક્તિનું નામ પણ બહાર આવ્યું ન હતુ. સાત વર્ષથી આ ગુનો અનડીટેક્ટ હતો. દરમ્યાન વાહનચોરીમાં અમદાવાદ શહેર એસ.ઓ.જી.એ બે શખ્સોને પકડીને ઝીણવટભરી પુછતાછ કરતાં ગાંધીનગરના ૨૦૦૯માં થયેલા મર્ડરનો ભેદ ઉકેલાયો છે. વર્ષ ૨૦૦૯માં કાળી ચૌદશની

### હત્યારો પાંચ દિવસના રિમાન્ડ પર

સેક્ટર-૭ પોલીસે હત્યારા ઝુલ્ફીકાકની ધરપકડ કરી સાત વર્ષ પહેલા થયેલી હત્યાની ઊંડી તપાસ માટે કોર્ટમાં રજુ કરતા કોર્ટે ૨૮ માર્ચ સુધી પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. ગુનામાં વપરાયેલુ બાઈક, હથિયાર તથા મૃતકના વાલીવારસોથી મૃતકની ખરાઈ કરવાની કાર્યવાહી પી.આઈ.એ શરૂ કરી છે.

રાત્રે ઝુલ્ફીકાર ઊર્ફે સલીમ ઊર્ફે ટીનો બચુ ઘાંચી (રહે. શાહપુર, અમદાવાદ) તેના બે સાગરીતો બિપીન મારૂડા અને અશોક ઊર્ફે હસીયાને લઈને ગાંધીનગર ચા-પાણી કરાવવા આવ્યો હતો. ત્રણેય મિત્રો નાની-મોટી ચોરીઓ અવારનવાર કરતા હતા પરંતુ અશોક ઊર્ફે હસીયા અને ઝુલ્ફીકાર ઊર્ફે સલીમ વચ્ચે ચોરીનો સામાન વેચવા બાબતે તકરાર થતા અશોકે પોલીસને ચોરીના કારનામા કહી દેવાની ધમકી આપી હતી. જે અદાવત રાખી ઝુલ્ફીકારે અશોકને છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. બંનેને છોડાવવા ત્રીજો મિત્ર બીપીન મારૂડા પડ્યો હતો. પરંતુ તેને પણ ઈજા થઈ હતી અને ઝુલ્ફીકારે તેનો પણ આ જ અંજામ કરવાની ધમકી આપતા ચુપકીદી સેવી લીધી હતી. અમદાવાદ પોલીસ પાસેથી ટ્રાન્સફર વોરંટથી હત્યારાને સે. ૭ પોલીસ લઈ આવી છે અને પી.આઈ. ડી.ડી. સોઢાએ ઝીણવટભરી પુછપરછ શરૂ કરી છે.

### હત્યારો કેવી રીતે પકડાયો ને કેમ થઈ હતી હત્યા..?

અમદાવાદ શહેર એસઓજીની ટીમે બાતમીના આધારે સલીમ ઘાંચી ઊર્ફે ઝુલ્ફીકાર અને બીપીન મારૂડાને ચોરીના એક્ટીવા સાથે અમદાવાદ અંજલી સર્કલથી પકડ્યા હતા. બંનેએ અગાઉ કરેલા વાહનચોરી સહીતના ગુનાઓ આચર્યા છે તેનું ઈન્ટ્રોગેશન શરૂ કરતા ૨૦૦૯નો ગાંધીનગરનો મર્ડર કેસ ડીટેક્ટ થવા પામ્યો છે. ચોરીના ગુનાઓમાં ત્રીજો સાગરીત અશોક ઊર્ફે હસીયાનું નામ ખુલ્યુ ત્યારે તેની વિગતો મેળવવા પ્રયાસો શરૂ કરતાં તેની હત્યા સુધીની કબુલાત કરી હતી. આ રીતે હત્યારો પકડાયો હતો.

હત્યા કરવા પાછળનું કારણ એ હતુ કે મૃતક અશોક અને હત્યારો ઝુલ્ફીકાર બંનેએ મળીને અનેક નાની-મોટી ચોરીઓ કરી હતી. ચોરીના મુદ્દામાલ વેચવા બાબતે એકવાર તે બન્ને વચ્ચે તકરાર થઈ હતી અને અશોક ઊર્ફે હસીયાએ ઝુલ્ફીકારના ચોરીના કારનામા પોલીસને જણાવી દેવાની ધમકી આપી દીધી હતી. આ બાબતને ધ્યાને રાખીને ૨૦૦૮માં કાળી ચૌદશની રાત્રે ઝુલ્ફીકાર અશોકને અને બીપીન મારૂડાને લઈને બાઈક પર ચા-પાણી કરવા ગાંધીનગર લઈ આવ્યો હતો. અને ગ-૩ થી ગ-૪ વચ્ચે રાત્રે પેશાબ કરવાના બહાને બાઈક ઉભી રાખી છરાના ઘા મારીને અશોકને પતાવી દીધો હતો. બિપીન વચ્ચે પડતા તેને પણ ઈજાઓ થઈ હતી અને કોઈને વાત કરી કે વચ્ચે પડ્યો તો તેનો પણ અશોક જેવો હાલ કરવાની ધમકી આપી તેને ચુપ કરી દેવાયો હતો.

# જીતપુર ગામનું તળાવ સત્વરે ભરવા ગ્રામજનોની માંગ

વડાગામ, તા. ૨૩

ઋતુચક્રમાં ફેરફાર થતા હવે ધીમે ધીમે કાળઝાળ ઉનાળાનું આગમન થઈ રહ્યું છે. ત્યારે જીતપુર ગામે લાંબા સમયથી ખાલીખમ તળાવ સત્વરે વાત્રક નદીમાંથી લીફટીંગ કરી ભરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે.

શાંત ગતિએ પણ તેજ સાથે ઉનાળાનું આગમન ધીમે ધીમે થઈ રહ્યું છે. ત્યારે ઉનાળાની શરૂઆતમાં જ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે.

વડાગામ નજીકના જીતપુર ગામે ગ્રામજનોના ઉપયોગ માટે તળાવ બાંધવામાં આવ્યું છે. આ તળાવમાંથી આસપાસના ૧૫ જેટલા ગામોના રહિશો પાણીનો ઉપયોગ કરી રહ્યા છે.

પરંતુ છેલ્લા ઘણા સમયથી પાણી વગર જીતપુરનું તળાવ ખાલીખમ છે. પરિણામે ગ્રામજનો અને પશુઓને પાણી માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ મામલે સ્થાનિકોએ અનેક વખત લેખિતમાં સ્થાનિક વહીવટીતંત્રને રજૂઆત પણ કરી છે. તેમ છતાં કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી. જેથી સ્થાનિકોમાં રોષની લાગણી ફેલાઈ છે. અને સત્વરે વાત્રક નદીમાંથી તળાવમાં પાણી ભરવામાં આવે તેવી ગ્રામજનો માંગણી કરી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લાના ટામેટા પકવતા ખેડૂતો પોષણક્ષમ ભાવના અભાવે હાલત કફોડી



મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રો પરંપરાગત રીતે વર્ષોથી ધાન્ય પાક તેમજ રોકડીયા પાકની ખેતી છોડીને નીતનવા પ્રયોગ દ્વારા બાગાયતી પાક તેમજ શાકભાજી, ફૂલના બગીચા જેવી ખેતી દ્વારા મબલખ ઉત્પાદન મેળવી નફો રળી લે છે ત્યારે કોઈકવાર પરંપરાગત ખેતીના બદલે નવી ખેતીનું વાવેતર ખોટનો સોદો સાબીત થતા રાતાપાણીએ રોવાનો વારો આવે છે. અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોએ ટામેટાનું વાવેતર નુકશાનકારક સાબીત થઈ રહ્યું છે. ચાલુ વર્ષે ટામેટાના ભાવો સાવ તળિયે બેસી જતા ખેડૂતોની હાલત દયનીય બની છે.

અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ મુખ્યત્વે ધાન્ય અને તેલીબીયાના વાવેતરના બદલે મોટા પ્રમાણમાં બટાકા તેમજ ટામેટાનું ભરપુર વાવેતર કર્યું હતું. ચાલુ સાલે ભૂમિપુત્રોએ રાત દિવસ પરિશ્રમ કરી ટામેટાનું મબલખ ઉત્પાદન મેળવવામાં સફળ રહ્યા હતા. ગત દિવાળીએ ૩૦૦ રૂ. મણનો ભાવ પહોંચતા ખેડૂતો ટામેટાની ખેતી કરવા લલચાયા હતા. પરંતુ ટામેટાનું મબલખ ઉત્પાદન શરૂ થતાની સાથે જ શાકભાજી માર્કેટમાં ટામેટાની આવક શરૂ થતા જ ટામેટાના ભાવ તળીયે બેસી ગયા હતા. શાકભાજી માર્કેટમાં હોલસેલ વેપારીઓ મણના ૪૦ રૂ. પણ આપવા તૈયાર ન થતા ખેડૂતોના પગ નીચેથી જમીન સરકી ગયાનો અહેસાસ અનુભવી રહ્યા છે. જિલ્લાના ટામેટાનું વાવેતર કરનાર ખેડૂતો ખાનગી વાહનો મારફતે ગ્રામ્ય વિસ્તારમાં અને રહેણાંક સોસાયટીઓમાં જાતે વેચવા નીકળી પડ્યા હતા. ટામેટાના ભાવ ન મળતા ખેડૂતોએ લાખના બાર કર્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે.

# મોડાસાની લૉ કોલેજમાં સન્માન સમારોહ યોજાયો





મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાની શિક્ષણનગરી મોડાસા શહેરમાં શિક્ષણ જગતમાં અગ્રેસર ધી મ.લા. ગાંધી ટ્રસ્ટ સંચાલિત લૉ-કોલેજનો મંગળવારે સાંજના કોલેજ કેમ્પસમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ભમાશા હોલમાં સન્માન સમારોહ તેમજ નવા વિદ્યાર્થીઓને આગમન અને અભ્યાસપૂર્ણ થયેલા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. આ સન્માન મસારોહમાં પાટણ યુનિ.ના કુલપતિ પ્રોફે. ડૉ. આર.એલ. ગોધારા તથા મોડાસા એડી. ડીસ્ટ્રી. સેશન કોર્ટના જજ એચ.પી. ભટ્ટ તથા પ્રમુખ નવીનચંદ્ર મોદી અને ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. લૉ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજેશ વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને પ્રગતિ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. લૉ કોલેજના પ્રોફેસર મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા સન્માન સમારોહ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# ઓમ લેન્ડ માર્ક સ્કૂલમાં ઉમંગ-૨૦૧૬ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત ઓમ લેન્ડ માર્ક સ્કૂલ દ્વારા આગામી તા. ૨ એપ્રિલને શનિવારના રોજ ઉમંગ-૨૦૧૬ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં બાળકો પોતાની આંતરીક શક્તિઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરશે. જેમાં મોટી સંખ્યામાં શાળાના વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા ગિરીશ રાવલ કોલેજ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. ધર્મેન્દ્ર વ્યાસ, અં.મા. પ્રિન્સિપાલ સુનિલ કેસરી, કો. ઓર્ડિનેટર સઈદા કોવડીયા પણ ઉપસ્થિત રહેશે.

# ઘડકણ ગામે નજીવી બાબતે શખ્સ પર હુમલો : ચાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૩

પ્રાંતિજના ઘડકણ ગામે નજીવી બાબતે એક ઈસમ પર ધારીયા અને પાવડા વડે હુમલો કરી માર મારતા ચાર આરોપીઓ સામે પ્રાંતિજ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાંતિજ નજીકના ઘડકણ ગામે અંબાલાલભાઈ પોતાના ખેતરમાં તૈયાર થયેલા ઘઉંના પાકની કાંપણી માટે મશીન લઈ જતા હતા તે સમયે બાજુના ખેતરના લીમડાનું ડાળુ નડતા ડાળુ કાપી નાખ્યુ હતુ. આથી જુની અદાવત રાખી નટવર પટેલે ગુસ્સે થઈ અંબાલાલના માથે પાવડા વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. જ્યારે વિપુલ પટેલે ડાબા હાથ પર ધારીયા વડે હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

આ મામલે મનુભાઈ અંબાલાલ પટેલની ફરિયાદના આધારે પ્રાંતિજ પોલીસે નટવરભાઈ પટેલ, વિપુલ નટવરભાઈ પટેલ, કોકિલાબેન નટવરભાઈ પટેલ અને શિલ્પા વિપુલભાઈ પટેલ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ધુળેટીની ભેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૦૧૬થી અમલમાં રહેશે. આ સાથે જ સરકારી કર્મચારીઓના આપવામાં આવતો મોંઘવારી ભથ્થાનો વધારો ૧૧૯થી વધીને ૧૨૫ ટકા સુધી પહોંચી ગયો છે. આ અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૫માં કેન્દ્રીય કર્મચારીઓને આપવામાં આવતું મોંઘવારી ભથ્થુ ૧૧૩થી વધારીને ૧૧૯ સુધી કરવામાં આવ્યો હતો જે જુલાઈ ૨૦૧૫થી લાગૂ કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા કરવામાં આવેલા આ નિર્ણયને પગલે કેન્દ્ર સરકાર સાથે સંકળાયેલા ૮૦ લાખથી કેન્દ્રીય કર્મચારીઓ ઉપરાંત સરકારના વય મર્યાદાના કારણે નિવૃત્ત એવા પેન્શનરોને આવરી લેવામાં આવે તો એક કરોડ લોકોને આનો લાભ મળશે. કેન્દ્રીય ટેલિકોમ મંત્રી રવિશંકર પ્રસાદે કેબિનેટ દ્વારા લેવામાં આવેલા નિર્ણય અંગેની માહિતી આપતી હતી. સરકારના આ નિર્ણયને પગલે સરકાર પર રૂપિયા ૬૭૯૫.૫ કરોડનો કેન્દ્રીય કર્મચારીઓ માટે અને રૂપિયા ૭૯૨૯.૨૪ કરોડની રકમ નિવૃત્ત પેન્શનરોને મોંઘવારી ભથ્થુ ચુકવવાથી વર્ષ ૨૦૧૬-૧૭ માટે સરકાર આર્થિક બોજો પડશે. સરકારે લીધેલા મોંઘવારી ભથ્થાના વધારો કરવાના નિર્ણયથી સરકારી કર્મચારીઓ ને ઘણો મોટો લાભ મળ્યો છે. કેન્દ્ર સરકારે મોંઘવારી ભથ્થામાં વધારો જે નિર્ણય કર્યો છે તેને ૫૦ લાખ જેટલા કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૫૮ લાખ જેટલા નિવૃત્તિ પેન્શનરોને તેનો લાભ મળવા પાત્ર થયો છે. બીજી તરફ કેન્દ્ર સરકાર પર અંદાજે રૂપિયા ૧૩૦૦૦ કરોડનો બોજો પડશે.

## ઝડપી લેવાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. જેમની શોધ પેરિસ હુમલાના મુખ્ય સંદિગ્ધ સલેહ અબ્દેસ્લામ સાથેના સંબધોને લઈને કરવામાં આવી રહી હતી. આરટીબીએફ દ્વારા બંનેના નામ ખાલિદ અને ઈબ્રાહિમ અલબકોઈ જણાવવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે, ખાલિદે કેટલાક અઠવાડિયાથી અન્ય નામ પર બ્રસલ્સમાં ભાડેથી એક ઘર રાખ્યું હતું જ્યાં પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડાઓમાં પોલીસને અબ્દેસ્લામની આંગળીઓના નિશાન પણ મળ્યા છે. પોલીસે આ દિશામાં હવે તપાસનો દોર આગળ ચલાવ્યો છે અને બ્રસલ્સ હુમલા મામલે એ સમયે એરપોર્ટ પર વિસ્ફોટ થયો હતો તેની થોડિક મીનીટો અગાઉ સીસીટીવીમાં ત્રણ વ્યક્તિઓ જોવા મળ્યા હતા.

## કવાયત હાથ ધરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોઈ શ્રી અડવાણીએ સંતોષ વ્યક્ત કર્યો હતો. દહેગામમાં ૧૨, ગાંધીનગરમાં ૫ અને માણસામાં ૨૩ પરિવારો એવા છે જેમણે ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી છે. જિલ્લામાં ૧,૯૨,૪૨૦ માનવદિન રોજગારી ઉત્પન્ન કરવામાં આવી છે.

ઈન્દિરા આવાસ યોજનામાં નાણાંકીય સહાય નહિ ચુકવાતી હોવાની ફરિયાદનો રદિયો જિલ્લા કલેક્ટરે આપ્યો હતો અને જણાવ્યું હતું કે ગ્રાન્ટને લઈ કોઈ મુદ્દો છે જ નહિ બધાને સમયસર નાણાં ચુકવવામાં આવી જ રહ્યા છે.

શ્રી અડવાણીએ આંગણવાડી કેન્દ્રોમાં બેબી ફ્રેન્ડલી ટોયલેટ બનાવવાની હિમાયત કરી હતી. તેમણે આજની બેઠકમાં સ્વચ્છતા મિશનની કામગીરીને અસરકારક બનાવવા પર પણ વિશેષ ભાર મુક્યો હતો.

## ગરમીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જયારે આજે વાતાવરણમાં ઠંડી ગરમીના પારામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૩૭.૫ ડી ગ્રી નોંધાયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૨૩.૫ ડીગ્રી રહયુ હતુ. પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં ઠંડી ગરમીના તાપમાનમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો છે. ઠંડીનો પોરો પણ ૭.૫ ડી ગ્રી નીચે ઉતરી જતા રાત્રિના સમયે ફરિ ગુલાબી ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહયા છે.

જયારે ગરમીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચો આવતા આજે મહત્તમ તાપમાન ૪૦ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ જેના પરિણામે નગરના જનજીવન પર ગરમીની અસર વર્તાઇ હતી. બપોરના સમયે આકરો તાપ અનુભવતા શહેરીજનો અસહ્ય ગરમીથી આકુળ વ્યાકુળ બની ગયા હતા. ઠંડી ગરમીના તાપમાનમાં નોંધપાત્ર તફાવતના લીધે નગરજનો ફરિએકવાર બેવડી ઋતુની અસરથી પ્રભાવિત થયા હતા. જેના પરિણામે જન આરોગ્ય પર વિપરિત અસર વર્તાઇ રહી હોવાનુ સ્પષ્ટ થયુ છે. ફોરમતા ફાગણમાં ચૈત્ર આકાશે ચઢયો હોય તેમ અંગ દઝાડતી ગરમીના લીધે બપોરના સમયે પણ નગરજનો કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહયા છે. ત્યારે મોડી રાતે અને વહેલી સવારે ઠંડીની અસર અનુભવતા નગરજનો મૌસમના વિચિત્ર મિજાજથી પરેશાન બન્યા છે. આજે દિવસ દરમિયાન ગરમીનો મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો.

## લાગણીનો મેળો

● ૪ પાનાનું ચાલુ...

અગ્નિદેવને પ્રાર્થના કરી હતી. આ ઘર ઘરની અગ્નિપૂજા કાળક્રમે સામુદાયિક પૂજાનું રૂપ લીધું. ત્યારબાદ હોલિકા દહનથી ખુશ થયેલા લોકોએ એકબીજા પર રંગ-ગુલાલ ઊડાડ્યા કોઈકે વળી ધૂળ ઉડાડવાનું શરૂ કર્યું ને આજની ધૂળેટી સર્જાઈ.

પ્રહલાદે નાના-મોટા સૌને પ્રાણવાન બનાવ્યા. હિરણ્યકશ્યપુને મારવા થાંભલામાંથી નરસિંહ પ્રગટ્યો. થાંભલા જેવા જડ, ચેતનાશૂન્ય અને નિષ્ક્રિય લોકોમાં પ્રહલાદે પ્રાણ પૂર્યા. નરમાં સિંહ પ્રગટાવ્યો. પ્રહલાદ માટેના આત્યંતિક પ્રેમે લોકોને અવિવેકી બનાવ્યાને તેમનામાં નિર્માણ થયેલી સાહસવૃત્તિએ હિરણ્યકશ્યપુને માર્યો. આ હિરણ્યકશ્યપુને નર કે પશુ, ઘરમાં કે બહાર, રાત્રે કે દિવસે કોઈ મારી ન શકે એવું વરદાન હતું અર્થાત એણે પોતે જ કડક જાત રક્ષણની વ્યવસ્થા ઊભી કરી હતી. જનજાગૃતિની નરસિંહવૃત્તિ પાસે અસદવૃત્તિએ નમવું પડે!!

આપણે સૌ હોળીને પ્રાર્થના કરીએ કે,
હે આત્મ ઉદ્ધારક હોળી અગ્નિ!
શાં શાં ધરું હું સમિધો તમોને!
પ્રમાદ, માનીપણું, જાડ્ય, મૂઢતા,
ને રંગ રંગી ઉર વાસનાઓ.
મારી કને આયુષ્ય માત્ર બે ગ્રહો
જ્વાળા બનો ઉજ્જવળ એ તમારી.

**સ્પર્શમણિ :**

મન વડે ક્યારે બૂરા વિચારો ન કરો, સ્વેચ્છાચારી મન ખૂબ જ ભયંકર દુષ્પરિણામો સર્જે છે. એટલે સદાય મનને વશમાં રાખવાની કોશિશ કરો, મનને ઉન્નત બનાવો, સુંદર વિચારોથી જ શ્રેષ્ઠ જીવનનું નિર્માણ થાય છે એટલે મનમાં સારા વિચારોનું આગમન થવા દો.

**- અથર્વેદ**

**ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર**

ગુજરાત ઈકોલોજી કમિશન, ગાંધીનગર દ્વારા કચેરીની રોજબરોજની કામગીરી માટે પ્રિન્ટીંગ તથા સ્ટેશનરીના ભાવો એક વર્ષ માટે મહોરબંધ કવરમાં મંગાવવામાં આવે છે. રસ ધરાવતા અને ગાંધીનગર ખાતે કચેરી ધરાવતા પ્રિન્ટરો / સપ્લાયરોએ ભાવો માટેના કોરા ભાવપત્રક કચેરીમાંથી તા. ૪/૪/૨૦૧૬ સુધીમાં રૂ. ૧૦૦/-ની ફી ભરીને મેળવી સીલબંધ કવરમાં તા. ૧૨/૪/૨૦૧૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક સુધી અત્રેની કચેરીએ પહોંચાડવાના રહેશે. સદરહુ ભાવપત્રક કમિશનની વેબસાઈટ wwww.geciczmp.com પર પણ ઉપલબ્ધ છે. જેના ડાઉનલોડ કરી શકાશે. વધુ વિગતો માટે કમિશનની કચેરીનો સંપર્ક સાધવાનો રહેશે.

નિયામક
ગુજરાત ઈકોલોજી કમિશન
બ્લોક નં. ૧૮/૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૧
ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૬૫૬

માહિતી/૨૮૮૭/૨૦૧૫-૧૬

**-: અધિસુચના :-**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
(જુઓ નિયમ ૨૬ (૯)
નગર રચના યોજના ગુડા નં. ૭ (સરગાસણ-કુડાસણ-પોર)

**-: પ્રારંભિક યોજના :-**

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૫૨ની પેટા કલમ (૧) ની જોગવાઈઓ અનુસાર તેમજ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ (૯) મુજબ નગર રચના અધિકારી તરીકેના મારા, પ્રારંભિક યોજના અંગેના નિર્ણયો તા. ૨૨/૩/૨૦૧૬ના મંગળવારના રોજ જાહેર કર્યા છે.

સદરહુ કાયદાની કલમ-૫૨ની પેટા કલમ-(૨) તેમજ કલમ-૬૪ની જોગવાઈઓ અનુસાર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં મંજુર માટે સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ (૯)ની જોગવાઈ અનુસાર નગર રચના અધિકારી તરીકે જે તે પ્લોટ માટે લીધેલ મારા નિર્ણયોના ઉતારા નમૂનો -'ઠ'ની નકલ યોજનામાં સમાવિષ્ટ દરેક જમીન માલિકોને તેમજ તેમાં હિત ધરાવનાર વ્યક્તિઓને પહોચાડવાની તજવીજ કરવામાં આવી રહેલ છે.

તૈયાર કરવામાં આવેલ ઉપરોક્ત પ્રારંભિક યોજનાની સંપૂર્ણ માહિતી, નકશાઓ તેમજ નિર્ણયોની એક નકલ નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવેલ છે. સદરહુ યોજનાની સમજણ આપવા માટે કચેરીમાં યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે.

કચેરીનું સરનામું :
નગર રચના અધિકારીની કચેરી
નગર રચના યોજના ગુડા એકમ-૧
બ્લોક નં. ૧૩, ભોંયતળિયે,
ડો. જીવરાજ મહેતા ભવન
જુના સચિવાલય, ગાંધીનગર

સહી/-
નગર રચના અધિકારી
નગર રચના યોજના ગુડા નં.૭
(સરગાસણ-કુડાસણ-પોર)
ગાંધીનગર
માહિતી/૨૮૭૮/૨૦૧૫-૧૬